# પ્રાંતિજ ટોલપ્લાજા પર ટોલટેક્ષ ભરવા છતા વાહન ચાલકો સુવિધાઓથી વંચિત

## ટોલટેક્ષ સંચાલકો ૫ રૂપિયા છૂટા નથી તેમ કહી મુસાફરોને બિસ્કીટના પેકેટ પધરાવી રહ્યા છે

પ્રાંતિજ, તા.૨

પ્રાંતિજ તાલુકાના કૂતપુર પાટીયા પાસે આવેલ ટોલટેક્ષ ઉપર અવર જવર કરતા વાહન ચાલકો પાસેથી તગડો ટેક્ષ વસૂલવામાં આવે છે પરંતુ તેની સામે કોઈ યોગ્ય સુવિધાઓ ન આપવામાં આવતા વાહન ચાલકો ભારે રોષે ભરાયા છે અને હાઈ-વે પર મુસાફરી દરમિયાન યોગ્ય સુવિધાઓ આપવા માંગણી કરી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર હિંમતનગર-અમદાવાદ હાઈવે પર પ્રાંતિજ તાલુકાના કતપુર પાટીયા પાસે આવેલા ટોલ પ્લાજા પરથી દિવસ દરમિયાન હજારો મુસાફરો પોતાના વાહનો લઈ પસાર થાય છે ત્યારે અમદાવાદથી હિંમતનગર સુધીના



આખા હાઈ-વે પર ઠેર ઠેર મોટા મોટા ખાડા પડયા હોવાથી અને રોડની કપચીથી વાહન ચાલકો પરેશાન થઈ ગયા છે. આ ઉપરાંત ટોલટેક્ષ પર પીવાની કે ટોઈલેટની પણ સુવિધા નથી અને માર્ગ પર લાઈન થાંભલા પણ બંધ હોવાથી અનેક વખત અકસ્માતો સર્જાયા છે. જેમાં કેટલાય લોકો પોતાના જાન ગુમાવી ચુકયા છે. થોડા સમય પહેલા એક વખત આ માર્ગ પર પસાર થવાનો ટોલટેક્ષ રૂ. ૪૫ વસુલવામાં આવતો હતો તેની જગ્યાએ હવે ટોલટેક્ષમાં રૂ. ૧૦નો વધારો કરીને રૂ. ૫૫ કરી નાંખ્યો છે અને તેનાથી પણ સંતોષ ન થતા ટોલટેક્ષ વાળાઓએ કમાણીનો નવો નુસખો શોધી નાખ્યો છે જેમાં વાહન ચાલકો જો રૂ. ૫૫ ટોલટેક્ષ માટે રૂ. ૬૦ આપે તો છૂટા રૂ. ૫ નથી તેમ કહીને બિસ્કીટના પેકેટ પધરાવી દે છે. જયારે કેબીનમાં જોતા પરચુરણની કોઈ કમી ન હોવા છતાં વાહન ચાલકોને હોલસેલ ભાવે બિસ્કીટ આપી ઉઘાડી લૂંટ ચલાવી રહ્યા છે. ટોલટેક્ષના સંચાલકો સામે આથી મુસાફરો ભારે રોષે ભરાયા છે અને ટોલટક્ષ પર યોગ્ય સુવિધાઓ મળી રહે તેમજ ખુલ્લે આમ છૂટાના નામે થતી લૂંટ બંધ થાય તેવી ઉગ્ર માંગણી કરી રહ્યા છે.

# લક્ષ્મીપુરાના નાકા ગામે સ્વાઈન ફ્લુથી કિશોરીનું મોત

લક્ષ્મીપુરા, તા. ૨

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામ નજીક આવેલ નાકા ગામે એક ૧૮ વર્ષીય વિદ્યાર્થિનીનું સ્વાઈન ફ્લુના કારણે મોત નિપજ્યું હતું. એક જ અઠવાડીયામાં સ્વાઈન ફ્લુથી ખેડબ્રહ્મામાં બે વ્યક્તિઓ મોતને ભેટ્યા છે. જેથી નાગરિકો તંત્ર સમક્ષ રોષે ભરાયા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર લક્ષ્મીપુરા નજીક આવેલ નાકા ગામમાં રહેતી અને ધોરણ-૧૧માં અભ્યાસ કરતી ૧૮ વર્ષીય કાજલબેન જયંતિભાઈ ખોખરીયા નામની કિશોરીને ગત સોમવારે તાવની અસર થતા નજીકની કે.એલ. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી અને તેનો રીપોર્ટ કરાવવામાં આવતા સ્વાઈન ફ્લુના લક્ષણો જણાતા તેને અમદાવાદ ખાતે રીફર કરવામાં આવી હતી. જ્યાં આજે સવારે સારવાર દરમિયાન કિશોરીનું મોત નિપજ્યું હતું.

# ગાઢ નિદ્રામાં સુતેલા ટ્રકચાલકના ખિસ્સામાંથી રૂ. ૬૦ હજારની ઉઠાંતરી

ઊંઝા, તા. ૨

ઊંઝા તાલુકાના ઉનાવા નજીક હાઈવે પર કલ્પતરૂ પાસે રાત્રિના સમયે ટ્રકમાં સુતેલા પરપ્રાંતની ટ્રકના ચાલકના ખિસ્સામાંથી કોઈ તસ્કરો ૬૦ હજારની રોકડ રકમ તથા એક મોબાઈલ ફોનની ઉઠાંતરી કરી ગયા હોવાનો બનાવ પોલીસ દફતરે નોંધાયેલ છે.

રાજસ્થાનના પાલી જિલ્લાના દર્ગાપુરના રહીશ ટ્રક ચાલક નેમસિંહ ચેનસિંહ રાજપૂતે રાત્રિના સમયે ઊંઝા-મહેસાણા વચ્ચે ઉનાવા નજીક હાઈવે પર આવેલ કલ્પતરૂ ગોડાઉન પાસે ટ્રક થોભાવી ટ્રકચાલક અને ક્લીનર ટ્રકની કેબિનમાં સુઈ રહ્યા હતા. ત્યારે રાતના સમયે કોઈ તસ્કરો ટ્રકની કેબિનમાં ઘુસી ગયા હતા અને ટ્રકચાલકના ખિસ્સામાંથી ૬૦ હજારની રોકડ રકમ તથા એક મોબાઈલ ફોનની ચોરી કરી ક્યાંક પલાયન થઈ ગયા હતા.

# પૂ. શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ મહારાજની યાદમાં મહાશિવરાત્રિ પર્વ ઉજવાશે

ઊંઝા, તા. ૨

શ્રી સનાતન ધ.ધૂ. વ્યાખ્યાન વાચસ્થતિ વેદાન્ત વારિધી અધ્યાત્મ રત્ન પ.પૂ. શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ સદ્ગુરૂ શંકર મહારાજ ઉનાવાવાળાના સંસ્મરણોની યાદીમાં મહાશિવરાત્રી તા. ૧૦-૩-૧૩ને રવિવારના રોજ શંકરાશ્રમ પાલડી અમદાવાદ ખાતે મહાશિવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

તા. ૯-૩-૧૩ ને શનિવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકે બટુક ભોજન અને રાત્રે ૯ થી ૧૨ સુધી ભજન સત્સંગનો કાર્યક્રમ યોજાશે. જ્યારે મહાશિવરાત્રીના રોજ સવારે ૭.૩૦ કલાકે પાદુકાપૂજન તથા ભજન કીર્તન સવારે ૧૧ કલાકે મહાઆરતી તથા મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે.

ગુરૂદેવ પરિવાર ગીરજાશંકર ગોપાળજી દવે ઉનાવા તરફથી મહાપ્રસાદ અને અલ્કેશભાઈ સી. રાવલ ઉનાવા તરફથી બટુક ભોજન રાખવામાં આવેલ છે.

# સદ્ગત મુકેશ ગઢવીનું ચોથીએ બેસણું

પાલનપુર, તા. ૨

બનાસકાંઠાના સાંસદ સ્વ. શ્રી મુકેશભાઈ ગઢવીનું નિધન તા. ૧-૩-૨૦૧૩ ના રોજ અમદાવાદ ખાતે થયું છે.

સદગત શ્રી મુકેશભાઈ ગઢવીનું બેસણું તા. ૪-૩-૨૦૧૩ને સોમવારે સવારે ૯.૦૦ થી બપોરે ૩.૦૦ કલાકે, મુ. સાબરકાંઠા-પાલનપુર, જિ. બનાસકાંઠા ખાતે રાખેલ છે.

# કાનપુર હાઈસ્કૂલમાં શુભેચ્છા સમારંભ યોજાયો

હિંમતનગર, તા.૨

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના કાનપુર ખાતે આવેલ ડી.કે. પટેલ હાઈસ્કૂલમાં ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારંભ તથા નિવૃત્ત સામરંભ યોજાયો હતો.

આ સમારંભ પૂ. મહંત શાંતિગીરીજી મહારાજની હાજરીમાં યોજાયો હતો. જેમાં મુખ્ય મહેમાન પદે પંકજભાઈ દેસાઈ, કેશુભાઈ રેવાભાઈ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા અને ધોરણ-૧૦ના તમામ વિદ્યાર્થીઓને આવનાર બોર્ડની પરીક્ષામાં ઉંચા માર્ક સાથે ઉત્તીર્ણ થવા અને ભવિષ્યમાં પ્રગતિ કરવા માટે આશીર્વાદ સહ શુભેચ્છા પાઠવી હતી.

## પાલનપુરમાં જમીન કૌભાંડમાં આરોપીને મદદ કરનારા

# ડી.વાય.એસ.પી., પી.આઈ. સહિત ત્રણના આગોતરા જામીન કોર્ટે ફગાવ્યા

## આરોપીઓને જામીન આપવામાં આવે તો પુરાવા સાથે ચેડાંની શક્યતા : કોર્ટ

પાલનપુર, તા. ૨

પાલનપુરમાં આવેલી કરોડોની જમીનના બોગસ બાનાખત કરવાના કેસમાં પોલીસે આરોપીને મદદ થાય તેવી ભૂમિકા ભજવી હતી. જેના કારણે ફરિયાદીએ આ મામલે હાઈકોર્ટમાં રીટ કરી હતી. જેમાં હાઈકોર્ટે પોલીસ અધિકારીઓ સામે ગુનો નોંધવા આદેશ કરતા સીઆઈડી ક્રાઈમે ફરિયાદ નોંધી હતી. ત્યાર બાદ આ કેસમાં ડીવાયએસપી, પીઆઈ સહિત ત્રણ વ્યક્તિઓએ ધરપકડથી બચવા માટે આગોતરા જામીન અરજી કરી હતી. જે અરજી એડિશનલ સેસન્સ જજ એમ. કે. દવેએ ફગાવી દેતા નોંધ્યું હતું કે, આરોપીઓને જામીન આપવામાં આવે તો પુરાવા સાથે ચેડા થવાની શક્યતા છે. તેથી આ પ્રકારના ગંભીર ગુનાને હળવાશથી લઈ આરોપીઓને જામીન પર મુક્ત કરવા યોગ્ય નથી.

કરોડોની જમીન કૌભાંડમાં યોગ્ય તપાસ ન કરી આરોપીઓને મદદ કરનાર ડીવાયએસપી આર. બી. યાજ્ઞિક, પી.આઈ આર. કે. પટેલ અને રાઈટર પ્રવીણ સામે ગુનો નોંધાયો છે. જેથી ત્રણે આરોપીઓએ ધરપકડથી બચવા આગોતરા જામીન અરજી કરી છે. જેમાં આરોપીઓએ નિર્દોષ હોવાનું જણાવી આગોતરા જામીન માગ્યા હતા. જો કે આ અરજીનો વિરોધ કરતા સરકારી વકીલ ભાવેશ પટેલે જણાવ્યું હતું કે, આરોપીઓ કાયદાના રક્ષક છે છતાં તેમણે જ કાયદાનો ભંગ કર્યો છે. જેના કારણે ગુજરાત હાઈકોર્ટે જ આરોપીઓ સામે ગુનો નોંધવા નિર્દોષ આપતા ફરીયાદ થઈ છે.

આરોપીઓ પોલીસ અધિકારીઓ છે તેથી આગોતરા જામીન આપવામાં આવે તો પુરાવા સાથે ચેડાં કરે તેવી શક્યતા છે. આ કેસની તપાસ હજુ બાકી છે તેથી તેમની ધરપકડ જરૂરી છે. તેથી જામીન ન આપવા જોઈએ.

# આજે ચારુતર વિદ્યામંડળ સંકુલમાં વલ્લભ વિદ્યાનગરનો ૬૮મો સ્થાપનાદિન ઉજવાશે

વલ્લભ વિદ્યાનગર, તા. ૨

ચારુતર વિદ્યામંડળના બંને આદ્યસ્થાપકો પૂજ્ય ભાઈકાકા અને પૂજ્ય ભીખાભાઈ સાહેબે ૩ માર્ચ ૧૯૪૬ના દિવસે તે વખતની આ વેરાન ધરતી પર શિક્ષણના નવસર્જન અને ગ્રામોન્નિતિના ઉમદા ધ્યેયને નજર સામે રાખી કાર્ય કરવા માટે વસવાટ શરૂ કર્યો હતો. આજે સમગ્ર વિશ્વમાં પ્રતિષ્ઠિત શિક્ષણસંકુલ તરીકે નામાંકિત વલ્લભ વિદ્યાનગરનો ૬૮મો સ્થાપના દિન રવિવારે સવારે ચારુતર વિદ્યામંડળના સંકુલમાં બ્રહ્માજીની પ્રતિમાની સાક્ષીએ ઉજવાશે.

સમારંભનું અધ્યક્ષસ્થાન ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલ સંભાળશે અને મુખ્ય અતિથિ તરીકે ચારુતર વિદ્યામંડળના પ્રમુખ તથા એલિકોન એન્જિનિયરિંગ કંપની લિ.ના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી પ્રયાશ્વિનભાઈ પી. પટેલ રહેશે. સ્થાપનાદિનનો કાર્યક્રમ શરૂ થતાં પૂર્વે રવિવારે સવારે ૮.૩૦ કલાકે નગરના આદ્યસ્થાપકોની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પવા મહાનુભાવો અને નગરજનો જોડાશે એ પછી બરાબર ૯.૦૦ વાગે ચારુતર વિદ્યામંડળ સંકુલમાં કાર્યક્રમનો શુભારંભ થશે.

સર્વે સીવીએમ પરિવારના સભ્યો અને નગરજનોને સ્થાપનાદિની ઉજવણીમાં સહભાગી થવા જાહેર નિમંત્રણ છે.



# કલોલ શહેર તાલુકા પેન્શનરનો રજત જયંતિ મહોત્સવ સંપન્ન

ગુજરાત રાજય નિવૃત્ત કર્મચારી મહામંડળ-વડોદરા અને કલોલ તાલુકાના નિવૃત્ત કર્મચારી મંડળ દ્વારા તાજેતરમાં રજત જયંતિ મહોત્સવ યોજાયો હતો. રજત જયંતિ મહોત્સવ ઉજવણી પ્રસંગે વિદ્યાર્થીઓને ઈનામ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. દાતાઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સોવિનીયરનું વિમોચન કરતા કે.બી. વ્યાસ, મનુભાઈ નાયક અને ગુજરાત રાજય કર્મચારી મંડળના પ્રમુખ ધનજીભાઈ પટેલ, જગન્નાથ મંદિર અમદાવાદના મહંત રામ મનોહરદાસ મહારાજ ખાસ ઉપસ્થિત રહ્યા હતાં.

# ઊંઝા-બેચરાજીની લોકલ એસ.ટી. બસને ઉનાવાથી ચાણસ્મા વચ્ચે દોડાવવા માંગ

ઊંઝા, તા. ૨

ઊંઝા એસ.ટી. ડેપો સંચાલિત ઊંઝા-બેચરાજી વાયા પાટણ લોકલ એસ.ટી. બસને ઉનાવા કંથરાવી, મણુંદ, લણવા ચાણસ્માના રસ્તે દોડાવવા મુસાફર જનતાની માગણી ઉઠી છે.

ઊંઝા ડેપો દ્વારા સવારના સમયે ઊંઝા-બેચરાજી વાયા પાટણની લોકલ બસ સર્વિસ ચાલે છે. પાટણથી વાયા ચાણસ્મા બેચરાજી તરફની કેટલીયે બસો દોડે છે. જયારે ઊંઝા થી બસ વાયા ઉનાવા, કંથરાવી, મણુંદ, પલાસર, લણવા, ચાણસ્મા થઈને બેચરાજી તરફની સીધી કોઈ જ બસ સર્વિસ નથી. પરિણામે આ વિસ્તારના ગામડાની જનતાને શકિતપીઠ બેચરાજી જવા માટે ઘણી મુશ્કેલી વેઠવી પડે છે. જેથી ઊંઝા-બેચરાજી બસને વાયા ઉનાવા, કંથરાવી, ચાણસ્માના રૂટ પર દોડાવાય તો ગ્રામ્ય વિસ્તારની પ્રજાને યાત્રા સ્થળની સીધી બસ સગવડ મળી રહે અને એસ.ટી. તંત્રને સારી આવક પણ પ્રાપ્ત થાય તેમ છે. આ બાબતે મહેસાણા એસ.ટી. વિભાગીય નિયામકે ઘટતું કરવું જોએ તેવી મુસાફરોની લાગણી અને માગણી છે.

# સમી તાલુકાના જેસડા ગામે જૈવિક વિવિધતાનું સંરક્ષણ અંતર્ગત લોક જાગૃતિ સેમિનાર યોજાયો

ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય-નવી દિલ્હી અને નહેરૂ ફાઉન્ડેશન ફોર ડેવલોપમેન્ટ-અમદાવાદના સૌજન્યથી શ્રી શિવશક્તિ ગ્રામ વિકાસ સંઘ-સોનાર આયોજીત રાષ્ટ્રીય પર્યાવરણ જાગૃત્તિ અભિયાનઁ જૈવિક વિવિધતાનું સંરક્ષણઁ અંતર્ગત ઔષધિય રોપાઓનું સંરક્ષણ અને તેના વાવેતરને પ્રોત્સાહન આપતો એક દિવસીય લોક જાગૃતિ સેમિનાર સમી તાલુકાના જેસડા ગામે પ્રાથમિક શાળા સંકુલમાં યોજવામાં આવ્યો હતો. તજજ્ઞ વકતાઓએ જૈવિક વિવિધતા અને તેનો કુદરતી વારસો, આબોહવા પરિવર્તનની જૈવિક વિવિધતા ઉપર અસર, જૈવિક વિવિધતાના સંરક્ષણમાં લોક ભાગીદારી, ઔષધિય વનસ્પતિનું સંરક્ષણ, જૈવિક વિવિધતા બચાવો અને જીવન બચાવો, વનનું સંરક્ષણ, જૈવિક વિવિધતાનો કાયદો વગેરે બાબતોથી લોકોને માહિતગાર કરવામાં આવ્યા હતા.

# પાલનપુર ખાતે ક્લેક્ટરના અધ્યક્ષસ્થાને પરીક્ષા સમિતિની બેઠક યોજાઈ



પાલનપુર, તા. ૨

૭મી માર્ચથી ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર ધ્વારા લેવાનાર છે. બોર્ડની પરીક્ષામાં વિધાર્થીઓને કોઈપણ -કારની મુશ્કેલી ન પડે અને વિધાર્થીઓ સારા માહોલમાં પરીક્ષા આપી શકે તે માટે પાલનપુર મુકામે કલેકટર શ્રી એમ. થેન્નારસનના અધ્યક્ષસ્થાને પરીક્ષા સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં કલેકટરશ્રીએ જણાવ્યુ હતુ કે, વિધાર્થીઓ શાંત અને નિર્ભય વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે માટે શિક્ષણ બોર્ડ ધ્વારા ખુબ સુંદર વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. દરેક શાળામાં પીવાના પાણી અને વીજળીની વ્યવસ્થા, વિધાર્થીઓ સમયસર પરીક્ષાના સ્થળે પહોંચી શકે તે માટે ટ્રાફીક પોલીસ અને ગ્રામ્ય વિસ્તારોમાં બસોની સગવડ, પરીક્ષા કેન્દ્રો પર પોલીસ બંદોબસ્ત અને સંવેદનશીલ પરીક્ષા કેન્દ્રો પર વિશેષ બંદોસ્તની વ્યવસ્થા, અંતરિયાળ વિસ્તારોમાં વિડીયોગ્રાફી અને તકેદારી રાખવા વિશેષ સ્કવોર્ડની ગોઠવણી કરાઈ છે.

બનાસકાંઠા જિલ્લામાં ધોરણ-૧૦ ના ૪૩,૦૦૮ વિધાર્થીઓ, ધો.૧૨ સાયન્સ -વાહના ૭,૫૪૭ અને સામાન્ય -વાહના ૨૮,૫૧૮ વિધાર્થીઓ મળી કૂલ ૭૯,૦૭૩ વિધાર્થીઓ પરીક્ષા આપશે. આ બેઠકમાં નિવાસી અધિક કલેકટરશ્રી સુધીર પટેલ, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી બી. કે. પટેલ, પરીક્ષા સમિતિના સભ્યશ્રીઓ અને અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી
રવિવારે શો રૂમ
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮